સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

હવે તો પોલીસ પણ ખૂદ, કાયદો હાથમાં લે છે,
ને વકીલો કોર્ટમાં જ જજને બાથં-બાથમાં લે છે,
સંગાથ લઇ સત્તાનો નાથ બની બેઠા ગેંગવીરો -
ટકી રહેવા નેતા, ઉદ્યોગપતિઓને સાથમાં લે છે.

હાઈકુ

ચૂંટણી ફેરે,
જશોદાબેન પ્રતિ -
જાગ્યો સદ્‌ભાવ..

માતેલા નેતા -
ની બેલગામ જીભો
બોલે બેફામ..

ચિંતન

સ્વભાવઃ એવ ઉન્નત ચેતસામ્ સતામ્ । પરોપકાર વ્યસનં હિ જીવિતમ્ ॥

'મહાબુદ્ધિ શાળા-સજ્જન-સંતોને જીવન પર્યંત પારકાં લોકો પર ઉપકાર કરવાની જન્મજાત ટેવ-સ્વભાવ-માનસિક તત્પરતા જ રહેલી હોય છે આ સ્વભાવગત વૃત્તિ એમનો લોહીમાં ઉતરેલો સંસ્કાર છે.'

સજ્જન-સંત પુરૂષનો સ્વભાવ જ 'બીજાને કેમ મદદરૂપ થવું' એ સિદ્ધાંત-વિચારબીજ પર આધારિત હોય છે.

સંસાર વ્યવહારમાં કે ઘર-પરિવારમાં લગભગ-સામાન્ય રીતે કોઇ પણ કામ-નિર્ણય પ્રવૃત્તિ કરતાં 'પોતાનો' - 'મને શું મળશે' 'મારો શું ફાયદો' આ વિચારીને જ કોઇ પણ પગલું-આચરણ-કર્મ થાય છે. આ 'સ્વાર્થવૃત્તિ' છે.

માણસ બીજાની તકલીફ-મુશ્કેલી-બીજાનો લાભ-ફાયદો વિચારીને જ કોઇ પણ કામ-નિર્ણય-પ્રવૃત્તિ કરે તે જ સજ્જન કહેવાય-તેજ સંત સ્વભાવ છે.

આપણા મહાન સાહિત્યકાર-વાર્તાકાર શ્રી ગૌરીશંકર જોષી (ધૂમકેતુ) એ એક વાર્તામાં એક ઉમદા વિચારમોતી મૂક્યું હતું અને લખ્યું હતું કે 'માણસ જો બીજાની દૃષ્ટિએ વિચારતો થાય તો દુનિયાનાં અર્ધાં દુઃખ ઓછાં થઇ જાય.'

સુવિચાર

- સમાજમાં સ્થાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી હોય તો નાના માણસને યશ આપો, સ્વયંભૂ સમાજ તમને પ્રતિષ્ઠિત ગણેશ જ — *- મોરારિ બાપુ*
- તમારી સાથે વાત કરતી વખતે બીજાને સાવચેત બની રહેવું પડે એટલા જટિલ ન બનશો — *- જ્ઞાનસૂત્ર*
- જેમ આપણે ઇશ્વરને મળવા અધિરા બનીએ છીએ તેમ ઇશ્વર પણ આપણને મળવા આવે જ છે. આપણા સ્નેહી કે હિતેચ્છુના સ્વરૂપમાં સમીપ આપે છે, પણ આપણે તેને હૈયા સરસો ચાંપતા પણ નથી — *- એસ. ભટ્ટાચાર્ય*
- સમસ્યાને પડકાર તરીકે જુઓ, જાણીલો કે સમસ્યાએ સ્વપ્નમાં આવતા રાક્ષસ સમાન છે, વાસ્તવમાં એ રાક્ષસ હોતો જ નથી — *- શ્રી શ્રી રવિશંકર*
- લગભગ જીવતાં હોવું, અને લગભગ મરેલાં હોવું એ બેમાં ઝાઝો ફેર નથી, એવી સ્થિતિમાં જીવવું એ પણ જીવન સાથેનો વિચ્છેદ જ ગણાય — *- ગુણવંત શાહ*
- હઠાગ્રહી માણસ જીવન માણવાનું ચુકી જાય છે, જીવનને વહાલ કરનારો માણસ સહજને કિનારે કિનારે ચાલતો રહે છે — *- મૂનિ ધનંજય સૂરીશ્વરજી*
- કરડે માંકડ અને મારખાય ખાટલો — *- ગુજરાતી જૂની કહેવત*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજના રાજકારણમાં 'વિરોધ' એ પક્ષીય નીતિનો નથી થતો પણ અંગત ચારિત્ર્ય હનન અને કૌટુંબિક કે વ્યક્તિગત બાબતોના સંદર્ભમાં થાય છે વિરોધમાં નીતિના 'મતભેદ' હોઇ શકે પણ મનના મતભેદ ન હોય. પંડિત નહેરૂ-મહાવીર ત્યાગી, બાજપાઇ, વગેરે આવી ઉમદા સમજ ધરાવતા હતા.

શ્રી મોરારજી દેસાઇ પણ નૈતિક સિદ્ધાંત અને ગાંધીવાદી નેતા હતા, નીતિ-સિદ્ધાંત ને માટે જ એમને ચરણસિંહ સાથે સમજુતી ન કરી અને વડાપ્રધાન પદનો ત્યાગ કર્યો. જયારે મોરારજીભાઇ વડાપ્રધાન હતા ત્યારે તેમના સૌથી મોટા વિરોધી હતા મધુ લિમયે. પણ ટકરાવ હંમેશાં નીતિ અને નિર્ણયો માટે જ થતો. અંગત દ્વેષ કે વેરઝેર ન હતા.

એવામાં મધુ લિમયેના પુત્રના લગ્ન લેવાયાં લિમયે શ્રી મોરારજીભાઇને કંકોતરી આપવા રૂબરૂ ગયા. લિમયેના સાથી-મિત્રોને એમ જ હતું કે મોરારજીભાઇ દેસાઇ તો નહીં જ આવે એમનો કોઇ પ્રતિનિધિ આવશે..

.. અને સૌના આશ્ચર્ય સાથે શ્રી મોરારજીભાઇ લગ્નપ્રસંગે હાજર રહ્યા. આશીર્વાદ આપ્યા અને ફોટા પણ પડાવ્યા... આને કહેવાય 'વિરોધ'ની સાચી સમજ.

Email - sureshchandrabhatt18@gmail.com

ભગવાન મહાવીર સ્વામીએ ભારત દેશને જે ઉપદેશ આપ્યો, જેને ભારત દેશ કયારેય ભૂલી શકશે નહીં : વિનોભા ભાવે

૨૬૧૩મા જન્મદિન નિમિત્તે વિશેષ લેખ શ્રેણી

- વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ
આ.શ્રી. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજનો
શિષ્ય આ.વિ. કલ્યાણબોધિસૂરિ

ભગવાન મહાવીર પ્રસિદ્ધોની પ્રસિદ્ધિમાં

એક ભિખારીને કોઇને પુછ્યું, 'રિલાયન્સવાળા પાસે કેટલા પૈસા હશે.' એણે કહ્યું, 'લાખો રૂપિયા.' પેલાએ આ જ સવાલ એક કલાર્કને કર્યો. એ કહે, 'કરોડો રૂપિયા.' પેલો હજી આગળ વધ્યો, કોઇ ઓફિસરને એણે એ જ પ્રશ્ન કર્યો. એનો જવાબ 'અબજોમાં' હતો.

જેની જેવી ક્ષમતા, એવું એનું મૂલ્યાંકન, મોટાનું મૂલ્યાંકન કરવા માટે પણ ક્ષમતાની જરૂર હોય છે. અહીં પ્રસ્તુત છે કેટલીય સમક્ષ વ્યક્તિઓના ઉદ્‌ગારોમાં ભગવાન મહાવીરનું મૂલ્યાંકન. એ વ્યક્તિઓ માત્ર સુપ્રસિદ્ધ જ નહીં, ધર્મ, સંસ્કૃતિ, સમાજ અને જનજીવનનો ઊંડો અભ્યાસ કરનારી પણ હતી, માટે જે એમનું મૂલ્યાંકન અને અભિપ્રાય બીજા લાખો-કરોડો લોકોના અભિપ્રાય તુલ્ય કે તેનાથી પણ અધિક બની જાય છે. ભગવાન મહાવીરના ૨૬૧૩માં જન્મદિનની શુભ અવસરે આ મૂલ્યાંકન માત્ર પ્રાસંગિક જ નહીં, રસપ્રદ પણ થઇ પડશે.

● વર્તમાન સમયમાં ભગવાન મહાવીર સ્વામીનું નામ જો કોઇ પણ સિદ્ધાંત કાજે વિશેષ પૂજાતું હોય તો તે અહિંસા છે, કોઇ પણ ધર્મની શ્રેષ્ઠતા એ વાતમાં છે કે તે ધર્મમાં અહિંસા - તત્ત્વની કેટલી પ્રધાનતા છે. આવા અહિંસાના તત્ત્વને જો કોઇએ વધારેમાં વધારે વિકસાવ્યું હોય તો તે ભગવાન મહાવીર સ્વામીએ.

- મહાત્મા ગાંધીજી

● તમે એક દૃશ્ય સામે રાખો કે - એક મહાપુરૂષ ઊભા છે. તેમના દેહ પર વસ્ત્ર નથી. તેમનું અંતઃકરણ દયાથી પરિપૂર્ણ છે. અસંખ્ય જીવજંતુ તેમના શરીર પર ઉપર બેસી ડંખ મારી રહ્યા છે, તો પણ તેમને અંશ માત્ર ક્રોધ થતો નથી. અરે! દુઃખની કોઇ વેદના નથી : આનું નામ જ મહાવીર છે.

મહાવીર બનવું એ સાધારણ વાત નથી. ડરપોક અને કમજોર આદમી મહાવીર ન બની શકે. જે વીર હોય તે જ આગળ વધી મહાવીર થઇ શકે છે.



મહાવીર સ્વામી ઘણા જ શાંત-સ્વસ્થ હતા. તેમના ચિત્તને વ્યગ્રતા સ્પર્શતી નહોતી. ભગવાન મહાવીર સ્વામી અનાગ્રહી હતા. તેઓ કહેતા કે વિશ્વમાં ભિન્ન-ભિન્ન પ્રકારના જેટલા વિચારો છે, તેનો પ્રતિકાર કરવાને બદલે તેમાં જે સત્યનો અંશ છે એને ગ્રહણ કરવો જોઇએ. ભગવાન મહાવીર સ્વામીનો આ ખૂબ વિશાળ વિચાર છે, જેનાથી તેઓ અહિંસાની ઊંડાઇ સુધી પહોંચી શક્યા. અન્ય કોઇ આટલી ઊંડાઇએ નથી પહોંચી.

ભગવાન મહાવીર સ્વામીએ ભારત દેશને જે ઉપદેશ આપ્યો, જેને ભારત દેશ કયારેય ભૂલી શકશે નહીં.

- વિનોભા ભાવે

● જૈન સંસ્કૃતિની નિર્ભયતા અને નિઃસ્પૃહતાએ એક વાર ઇજિપ્ત, યુનાન અને બેબિલોનના વિચારકો, વિદ્વાનો ઉપર જાદુઇ અસર કરી હતી અને પેરે નામને એક તત્ત્વવેતા કહે છે કે, 'મને ખરૂં તત્ત્વજ્ઞાન જૈન સાધુઓ પાસે જ મળ્યું છે.'

એ શ્રવણ સંસ્કૃતિના પ્રચારક અને પ્રવર્તક ભગવાન મહાવીરની મૂર્તિ મારા અંતરમાં જડાઇ ગઇ છે. હું આંખો મીંચુ છું અંતરમાં ભગવાન મહાવીરની તેજસ્વી પ્રતિભાનાં મને દર્શન થાય છે.

- સાધુ ટી.એલ. વાસવાણી

● ભરજુવાનીમાં ભરચક વૈભવ અને સમૃદ્ધિથી ઘરસંસારનો ત્યાગ કરી દેવો એ મોટી વાત છે એ ગુણ વર્ધમાનકુમારમાં હતો, પણ જરા ઊંડા ઉતરીએ તો ભગવાન મહાવીરના હૃદયમાં જે આગ ભભૂકતી હતી તેની પાસે એ ત્યાગ નાની વસ્તુ બની જાય છે.

રાજપાટ છોડીને ચાલી નીકળવાનું એમને કોઇ સબળ કારણ ન હતું, એટલે એમ માનવું પડે છે કે રાજપાટના ત્યાગ પાછળ કોઇ જબ્બર સિદ્ધાંતનું બળ જરૂર હોવું જોઇએ. વીરપુરૂષો ગુસ્સામાં આવીને કોઇ કામ નથી નાખતા. રાજપાટનો ત્યાગ કરી નાખવો એ સામાન્ય વાત છે, પણ એ ત્યાગ નિભાવી રાખવો બહુ મુશ્કેલ છે, તો જ એ ત્યાગ નાભે વળી, અહીં જે સિદ્ધાંતની વાત કરી તે કંઇ એકદમ અદ્ધરથી ટપકી પડતો નથી. સિદ્ધાંત વિકાસ માગે છે. સિદ્ધાંત જીવનનો જ એક ભાગ બની જવો જોઇએ. ત્યાગ પહેલાનાં વર્ષોમાં ભગવાન મહાવીરે કેટકેટલું મનોમંથન કર્યું હશે? કેટકેટલાની ભ્રાંતિઓ ભાંગી હશે? કેટકેટલી નાની-મોટી મુશ્કેલીઓ વેઠી હશે? અને એ સિદ્ધાંતને પોષવા કેટલું ધૈર્ય દાખવ્યું હશે? ત્યાગના પગલાં માંડનાર મહાવીરને માર્ગ સાફ કરતાં કેટલી વિટંબણા વેઠવી પડી હશે?

સૌનાં સ્નેહબંધનો સ્વીકારવા, પણ વખત આવ્યે એ બંધનોની ગાંઠ ઢીલી કરીને ચાલી નીકળવું એ શું જેવી તેવી તપસ્યા છે? બધાં લૂગડાં પહેરીને પાણીમાં ડૂબકી મારો, પણ બહાર નીકળો ત્યારે એક પણ લૂગડું ભિજાયેલું ન હોવું જોઇએ, એના જેવી આ વાત છે. ભગવાન મહાવીરે સંસાર સાગરમાં ડૂબકી તો મારી, પણ એમને પોતાના એક વસ્ત્રને ભિજાવા ન દીધું : કોરે કપડે એ સંસારમાંથી ચાલી નીકળ્યા.

- મહાત્મા ભગવાનદીનજી

● શ્રમણ ભગવાન મહાવીરે વિચાર, વાણી અને વર્તનથી વિશ્વના પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ પોતાની અમૂલ્ય જીવનયાત્રા સંપન્ન કરી હતી. આ આદર્શ વિભૂતિને આજે આપણે પોતાના જીવનના આધાર માટે, અભ્યુદય અને અભ્યુત્થાન માટે યાદ કરતા અનિવાર્ય છે. જે વાત્સવમાં જ પ્રાણીમાત્ર માટે પૂજનીય અને પરોપકારી મહાપુરૂષ હતા.

- સ્વામી ઋષભદાસજી

● ભગવાન મહાવીરે એક અગાધ સમુદ્ર હતા, માનવપ્રેમની ઊર્મિઓ જોરથી ઉછળતી હતી; અને માત્ર માનવીને જ શા માટે, સંસારના પ્રાણીમાત્રની ભલાઇ માટે એમણે બધાનો ત્યાગ કરી દીધો હતો.

- મહાત્મા શિવવ્રતલાલજી વર્મન

ભગવાન મહાવીર વિશ્વદૃષ્ટિથી વિહંગાવલોકન

કોઇ પણ મહાપુરૂષનું મૂલ્યાંકન જયારે તેના અનુયાયી કરતાં હોય, ત્યારે તેમાં વ્યક્તિગત રાગ ભળ્યો હોઇ શકે છે. એ મૂલ્યાંકનમાં અતિશયોક્તિ હોઇ શકે છે. જયારે એ જ મહાપુરૂષનું મૂલ્યાંકન તેમના અનુયાયી વર્ગની બહારની વ્યક્તિ કરે, ત્યારે તે મૂલ્યાંકન રાગ વગેરેની સંભાવના નથી રહેતી. તેમાં પણ તે મૂલ્યાંકન કરનાર વ્યક્તિ સ્વયં બુદ્ધિશાળી, સંશોધક તથા અભ્યાસી હોય, ત્યારે તે મૂલ્યાંકનની પ્રામાણિકતામાં કોઇ જ શંકા રહેતી નથી. અહીં પ્રસ્તુત છે કેટલાંક સુપ્રસિદ્ધ વિદ્વાનો, લેખકો આદિના શબ્દોમાં ભગવાન મહાવીર.

● ભગવાન મહાવીરે બુલંદ અવાજે એવો સંદેશ ફેલાવ્યો, કે ધર્મ માત્ર સામાજિક રૂઢિઓનું પાલન કરવાથી નહીં, પણ સત્ય માર્ગનો આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે જોતાં આશ્ચર્ય થાય છે કે ભગવાન મહાવીરના આ ઉપદેશે સમાજમાં ઘર કરી ગયેલી મનુષ્ય - મનુષ્યની ભેદરેખાને ઘણી ત્વરિતતાથી નષ્ટ કરી નાખી અને સમગ્ર દેશને પોતાને વશ કરી લીધો, જીતી લીધો.

- રવિન્દ્રનાથ ટાગોર

● ભગવાન મહાવીરને 'જિન' અર્થાત્ વિજેતાનું પદ પ્રાપ્ત થયું હતું. એ માટે તેઓએ ન તો કોઇ દેશ જીત્યો હતો કે ન તો કોઇ યુદ્ધ લડ્યા હતા. પરંતુ તેઓએ પોતાની આંતવૃત્તિઓ સાથે સંગ્રામ ખેલી પોતાની જાત પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

ભગવાન મહાવીર આપણી સામે એક એવા આદર્શરૂપે છે, જેમણે સંસારના બધા બંધનોનો પરિત્યાગ કરીને ભૌતિક બંધનોથી છૂટકારો મેળવ્યો. આ રીતે તેઓ આત્મતત્ત્વના ઉત્કર્ષ માટેનો અનુભવ મેળવવામાં વિજયી બન્યા હતા.

આ દેશ તેના ઇતિહાસનાં પ્રારંભથી તે આજ સુધી આ આદર્શ પણ ખડો છે.

- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

(અનુસંધાન પાના નં. ૬ પર)

કેટલાય કરોળિયાઓ સમુહમાં રહેવું પસંદ કરે છે, મોટા ભાગે માદાઓની વસ્તી નર કરતાં ઓછી હોય છે, માદાઓનું કદ નર કરતાં મોટું હોય છે, માદાઓ સંવનન બાદ નરને ખાઇ જાય છે તે એક આશ્ચર્યજનક વર્તણૂક છે

કરામતી - કરોળીયા વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

આપણાં ઘર-ઘરમાં જોવા મળતો એક જીવ કરોળિયો કે જેના વિશે આપણે ખુબ જ ઓછું જાણીએ છીએ. કેટલાકને ગમે છે તો કેટલાકને ચિતરી ચઢે છે. કોઇ તેના જાળાને તોડવાની વિકૃત મનોવૃત્તિ ધરાવતાં હોતા નથી તો કોઇ વળી ક્રૂરતાથી કરોળિયાને ઝાપટી નાંખવામાં સફાઇ કર્યાનો આનંદ મેળવે છે.

કરોળિયાઓને મોટા ભાગે લોકો કીડી-મંકોડા જેવા કીટકો સમજે છે. પણ કરોળિયા અને કીટકોમાં ફર્ક છે. વીંછી, લાલ મામાની ગાય, ઇતડી જેવા જીવો કરોળિયાના સગા છે. કીટકોને ૬ પગ હોય છે. કરોળિયાઓને આઠ પગ હોય છે. કીટકો ઉડી શકે છે. કરોળિયાઓ ઉડી શકતાં નથી, કીટકોને સ્પર્શકો/એન્ટેના હોય છે. કરોળિયાઓને સ્પર્શકો હોતા નથી. બંને પ્રકારના જીવો આર્થોપોડા સમુદાયના - સંધિપાદ સમુદાયના છે. કરોળિયા આર્ચનીડ (Arachnid) જાતિના એરાનેઇડા (Araneida) શ્રેણીના છે. કીટકો ઇન્સેકા (Insecta) વર્ગના જીવો છે.

કરોળિયાઓને અંગ્રેજીમાં સ્પાઇડર (Spider) કહે છે. ૧૭મી સદીમાં વૈજ્ઞાનિકો તેમના નમૂનાઓ જે પાત્રમાં મોકલતાં તેના પર અંગ્રેજીમાં લખતાં "Sample - please Investigate Data Exoskeleton Regular" આ બધાના પ્રથમ અક્ષરોથી સ્પાઇડર (Spider) નામ આપ્યું. આ વાક્ય જીવોના નમૂના ચકાસવા માટે વપરાતું.

વિશ્વમાં કરોળિયાઓની ૪૦,૦૦૦ થી વધુ જાતિઓ જોવા મળે છે અને નીત નવી જાતિઓ શોધાતી રહે છે. કરોળિયાઓ વિશ્વની બધી જાતિઓમાં જાતિ વૈવિધ્યમાં ૭માં ક્રમે સ્થાન ધરાવે છે. સમગ્ર વિશ્વમાં બધા જ ખંડોમાં સિવાય કે એન્ટાર્કટીકામાં કરોળિયાઓ જોવા મળે છે. તે સમુદ્રના તળિયેથી લઇને પૃથ્વી પર ૩૦ માઇલન ઊંડાઇ સુધી તેમની હાજરી નોંધાવે છે. ઓરેન્જ માગ્મા જાતિના કરોળિયાઓ તો ૫૩૦૦ (પાંચ હજાર ત્રણસો) ડિગ્રી ફેરનહીટ સુધીની ગરમી સહન કરી શકે છે. જે દક્ષિણ ધ્રુવના બરફના ગ્લેસિયરોમાં જોવા મળે છે. કરોળિયાઓનું શરીર પરનું ત્વચાનું કવચ અણુ ધડાકામાં પણ અસર મુક્ત રહી શકે છે.

કરોળિયાઓ તેમની સિલ્ક પેદા કરવાની અને જાળા બનાવવાની વિશિષ્ટ શક્તિને કારણે જાણીતા છે. આવું સિલ્ક તેના પેટ નીચેની ગ્રંથિમાંથી પ્રવાહી સ્વરૂપે નીકળે છે જે હવાના સંપર્કમાં આવતાં તારનું ઘન સ્વરૂપ ધારણ કરે છે. કરોળિયાના પાતળા વાળ જેવા તાર તેટલી જ જાડાઇના લોખંડના તાર કરતાં મજબૂત હોય છે તે તો આપણે બધા જાણીએ જ છીએ. આવા તાર રબરની રીંગ જેવા ઇલાસ્ટીક એટલે કે ખેંચાય પણ છે જે સરળતાથી તુટતાં નથી. ૧ ઇંચની જાડાઇના પતરાને કરોળિયાના સિલ્કમાંથી બનાવીએ તો જેટ વિમાનને પણ રોકવાની તાકાત ધરાવે છે. હારજેક જાતને કરોળિયો એક નાના બાળકને પહેરાવી શકાય તેટલું સિલ્ક ગણતરીની મિનિટોમાં તૈયાર કરી દે છે. બધા જ કરોળિયાઓ જાળા બનાવતાં નથી. કેટલાક અપવાદ પણ છે. એક જાતનો કરોળિયો સિલ્કનું પેરાશૂટ બનાવીને જાતે હવામાં ઉડી શકે છે તો પૂર્વ આફ્રિકામાં જોવા મળતો સ્નો સ્પાઇડર બરફ જેવો સફેદ રંગનો છે અને નવાઇની વાત એ છે કે તે કાળા રંગના સિલ્કના તારનું તેનું જાળું બનાવે છે. વુલ્ફ અને જંપીગ કરોળિયા જાળા બનાવતાં નથી.

કરોળિયાના જાળા તેને શિકાર પકડવામાં મદદરૂપ બને છે. તેનાં ઇંડા બચ્ચાઓના રક્ષણ માટે કવચ બનાવવામાં વપરાય છે. આશરો મેળવવામાં અને એક જગ્યાએથી બીજી જગ્યાએ અવર-જવર કરવામાં મદદરૂપ બને છે. કરોળિયાના પેટ ભાગેથી સિલ્ક પેદા કરતી ગ્રંથિ દૂધ પર પેદા કરે છે. જે તેના બચ્ચાંને પીવાના કામમાં આવે છે.

વર્ષ ૨૦૦૧માં એન્ટાર્ક્ટીસ સ્પેશ શટલમાં ૩૦૦ જેટલા કરોળિયાઓને પ્રયોગાત્મક ધોરણે તેમનું વર્તન અવકાશમાં જોવા માટે લઇ જવામાં આવ્યા. ત્યારે પૃથ્વી પર સપાટ જાળા બનાવતાં કરોળિયાઓએ અવકાશની સફર વખતે ત્રિ-પરિમાણીય/થ્રી ડાઇમેન્શનલ જાળા બનાવ્યા હતા. કરોળિયાઓ શૂન્યાવકાશમાં પણ પ્રવૃત્તિમય રહી શકે છે અને હવાનું ગમે તેટલું ઊંચું દબાણ હોય તેમના પર કોઇ અસર થતી નથી. ડાઇવીંગ બેલ જાતના કરોળિયાઓ પાણીમાં તેના સિલ્કનું કવચ બનાવીને તેમાં ઓક્સિજનનો બબલ બનાવીને લાંબો સમય રહી શકે છે. કરોળિયાઓના મગજ મહાન વૈજ્ઞાનિકો જેટલી બુદ્ધિ ક્ષમતા ધરાવતાં હોય છે. શરીરના કદની સરખામણીમાં નાના કરોળિયાઓનાં મગજ મોટા હોય છે.

કરોળિયાઓના આયુષ્ય બાબતે પણ ઘણાં રહસ્યો વણ ઉકેલ્યા છે. તે સતત વૃદ્ધિ કરતાં રહે છે. ચીનમાં એક કરોળિયાનું આયુષ્ય ૨૮૦૦ (બે હજાર આઠસો) વર્ષ હોવાનું અનુમાન કરાયું હતું. આ કરોળિયાને ત્યાં પવિત્ર માનવામાં આવે છે. કેટલાક કરોળિયાઓ સૂર્યપ્રકાશની મદદથી શરીરમાં પોષક તત્ત્વો પેદા કરી શકે છે. જે વનસ્પતિની પ્રકાશ સંશ્લેષણની ક્રિયા સાથે સરખાવી શકાય.

કેટલાય કરોળિયાઓ સમુહમાં રહેવું પસંદ કરે છે. મોટા ભાગે માદાઓની વસ્તી નર કરતાં ઓછી હોય છે. માદાઓનું કદ નર કરતાં મોટું હોય છે. માદાઓ સંવનન બાદ નરને ખાઇ જાય છે તે એક આશ્ચર્યજનક વર્તણૂક છે. નર કરોળિયાઓ સામાન્ય રીતે માનવોને કરડતાં હોય છે. બધા જ કરોળિયા ઝેરી હોય છે પણ માનવોને હાનિ પહોંચાડી શકે તેવા ખુબ જ ઓછા કરોળિયાઓ છે. જેમાં બ્રાઝિલીયન વોંડરીંગ, વીડોવ, ઓસ્ટ્રેલીયન ફનેલ વેબ અને રેક્લુસ સ્પાઇડરની જાતો ખુબ જ ઝેરી મનાય છે. બ્રાઝિલનો વન્ડરીંગ કેબ જેને બનાના કરોળિયો કહે છે તે ખુબ જ ઝેરી છે.

સહારામાં રોકાણકારો બન્યા બેસહારા રોકાણકારોના ૩૪૦૦૦ કરોડ ફસાયા

મીનીસ્ટ્રી ઓફ કઝયુમર અફેર્સ, મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ તેમજ સીકયુરીટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયામાં તેમજ જુદી જુદી સીવીલ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ, જામનગર સીવીલ કોર્ટમાં તેમજ ક્રિમીનલ કોર્ટોમાં સંખ્યાબંધ ફરીયાદો

વાત કાયદા કાનૂનની...

- અશ્વિન વી. ત્રિવેદી

સર્વોચ્ચ અદાલતે સહારા સુપ્રીમો શ્રી સુબ્રતો રોયને દશ હજાર કરોડ જામીનગરી પેટે ના ભરે ત્યાં સુધી જેલમાં રાખવા હુકમ કરતા ભારતીય ન્યાયતંત્ર ઉપર આમ આદમીનો વિશ્વાસ જળવાય રહ્યો છે. દેશ અને દુનિયામાં અબજો રૂપિયાનું સામ્રાજય ધરાવતું સહારા ગ્રુપના સહારાશ્રીના કારણે આજે હજારો રોકાણકારો બેસહારા બન્યા છે. મોટા સીટીમાં મેગા પ્રોજેકટોની મોટી મોટી પાનાભરી જાહેરાતો તથા પેઈડ ન્યૂઝના કારણે આમ રોકાણકારો તેમની મોહજાળમાં ફસાઈ આજે પસ્તાઈ રહ્યા છે. જેમના સહારે આમ આદમી એટલે કે તેમના કર્મચારી જ આવ્યા છે અને દરેક કર્મચારી એક લાખ રૂપિયા સહારાશ્રીને છોડાવવા આપવા સમત છે.

દશથી પંદર હજાર રૂપિયાના ટી બોન્ડ ફિક્સ ડિપોઝીટ પેટે ઉઘરાવી સહારા ત્રણ ગણી રકમ ચુકવવાની યોજના ઉપર આજે પાણી ફરી વળયું છે અને રોકાણકારો ઠંડાપાણીએ નાહવાનો વારો આવ્યો છે.

સેબીના મતે સહારા ગ્રુપે રોકાણકારોના ૩૪ હજાર કરોડ રૂપિયા આજદિન સુધીમાં ચુકવવાના થાય છે કેમ ચુકવશે ? કેવી રીતે ચુકવશે? કયારે ચુકવશે તેના જવાબો સુબ્રતો રોય પાસેથી સહારાની હાલની સંપતી ૧૫૨૫૧૮ કરોડ છે તથા ૩૬૩૩૧ સંસ્થાના બાર લાખ કર્મચારી ધરાવતું દેશભરમાં પથરાયેલ સામ્રાજય છે જેના વડા હાલ બેસહારા બની જેલની હવા ખાય છે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, પોરબંદર વિગેરેમાં સહારા સીટી હોમ્સ બાંધવાની યોજના અમલમાં મુકી મોટી જાહેરાતો આપી મધ્યમ વર્ગના લોકોને હથેળીમાં ચાંદ બતાવી બુકીંગ મેળવી તેજ બુકીંગની રકમથી જમીનો ખરીદી ખેડૂતનોને પણ જમીનની કિંમત ચેકથી ચુકવેલ જે ચેકો પણ પાછળથી પરત ફરતા ખેડૂતોએ સહારા ગ્રુપ સામે ફરીયાદ કરેલ છે પરંતુ સહારા ગ્રુપે જમીનનો કબજો મેળવી લીધો હોય તે પરત મેળવવા મૂળ ખેડૂતોએ જામનગરની સીવીલ કોર્ટમાં તથા ગુજરાત હાઈકોર્ટમાં કેસો કરેલ છે. જે મુજબ હાલમાં ૧૯ કેસો જામનગરી કોર્ટમાં તેમજ ૨ કેસ ગુજરાત હાઈકોર્ટમાં કાયદાકીય પ્રક્રિયા અંગે પડતર છે. ખેડૂતનોને જમીન પરત કયારે મળશે ? અને રોકાણકારોને તેમના નાણ પરત કયારે મળશે?

હાલમાં ગુજરાતમાં સહારા ઈન્ડીયા પરિવારની પેરા બેન્કીંગ અને હાઉસીંગ સ્કીમોની ઓફિસ ચાલુ છે તેના જવાબદાર અધિકારીઓને ખબર નથી કે કંપની કયારે શું કરશે? અમીતાભ બચ્ચન અને જયા બચ્ચને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી મોટી મોટી જાહેરાતો દ્વારા કઈઓકસ હોર્ડિંગ્સથી ભ્રામક પ્રચાર કરી આમ જનતાને હથેળીમાં ચાંદ બતાવી સપનો કે ઘરની હકિકત હવે માત્ર આમઆદમીના સપના પૂર્તિજ સીમીત રહી ગઈ છે જેના એક માત્ર જવાબદાર સુબ્રતો રોય તથા તેમની ઉંચી મહત્વકાંક્ષા છે.

સહારામાં નાણા રોકી ત્રણ વર્ષમાં ત્રણ ગણાની યોજનામાં લાખો ખેડૂતો ,રોકાણકારો, મધ્યવર્ગીય પરિવારોના નાણા ફસાયા છે જે અંગેના કેસો આઠ વર્ષથી જુદી જુદી કોર્ટોમાં પડતર છે.

મૂળ જમીન માલીકોની પાસેથી રપ કરોડમાં જમીનનો સોદો કરી આજ જમીન ડેવલોપર્સ કંપનીને ૧૦૦ કરોડમાં ડેવલપ કરવા માટે સોંપી સહારા ગ્રુપે ખેડૂતો સાથે ઠગાઈ કરી છે અને ડેવલોપમેન્ટ કંપની પાસેથી રોકડા કરી લીધેલ છે અને મૂળ ખેડૂતો હાલમાં પણ ચેક પરતના કેસો લડે છે.

સહારા એ સહારા સપનાની યોજના અન્વયે ૨૨ હજાર એકર જમીનનમાં ૩૭૦ શહેરોમાં ઘરના ઘરનું સપનું બતાવ્યું જે યોજના ખરેખર સપના સમાન રહી ગઈ છે. સ્વપ્નાએ સહારા ગ્રુપના સુબ્રતો રોયના ધર્મપત્ની છે જે ખરા અર્થમાં તેમના માટે ગૃહલક્ષ્મી સાબીત થયા છે પરંતુ રોકાણકારો માટે રાહુ સાબીત થયા છે.

સહારા ગ્રુપે ૧૩ લાખથી લઈને ૧ કરોડ સુધીની આવાસ યોજનાઓ આમ જનતાથી લઈ આર્થિકરીતે સધ્ધર લોકો માટે લકઝરીયર્સ આવાસો પૂરા પાડવાની બાંહેધરી આપેલ જે યોજના માત્ર કાગળ પૂરતી જ સીમીત રહેલ છે.

સહારા ગ્રુપમાં ઘર મેળવનારને સ્કૂલ, કોલેજ, હોસ્પીલ, એમ્બ્યુલન્સ, કોફિશોપ, વિજળી, મલ્ટીપ્લેક્ષ, બ્યુટીપાર્લર, બેંક વિગેરેની સવલતો આપવાનો વાયદો કરી મોટી મોટી જાહેરાતો કરેલ જે પોકળ સાબીત થઈ રહી છે.

સહારા ગ્રુપે સહારા સુવર્ણ, સહારા રજત જેવી યોજનાઓ અમલમાં મુકી કરોડો રૂપિયા ભેગા કરી જનતાના નાણાથી જ જમીનો મેળવી તે જમીન ડેવલોપર્સને બારોબરા વેચી રી-ડેવલોપસમેન્ટ એગ્રીમેન્ટ કરી કન્સ્ટ્રકશન કંપની પાસેથી બારોબાર પૈસા મેળવી મૂળ માલિકોને જમીનની કિંમત સુધા ચુકવેલ નથી તેમજ રોકાણકારોને ત્રણ વર્ષમાં ત્રણઘણી રકમ કરવાની યોજના બતાવી આજદિન સુધી વ્યાજ કે તેની મૂળ રકમ પરત કરેલ નથી અને ૩૪૦૦૦ કરોડ રૂપીયા સુબ્રતો રોયે પોતાના ફળદ્રપ ભેજાની ઉપજથી ઘર ભેગા કરેલ છે અને રોકાણકારોને રાતા પાણીએ રોવડાવેલ છે. સુબ્રતો રોય આ રકમનો હિસાબ સેબી તેમજ એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટને જવાબ સુધ્ધા આપી શકેલ નથી તેમજ સહારાશ્રીના જામીનગીરી માટે સુપ્રીમ કોર્ટે ફરમાવેલા રૂ.૧૦૦૦૦ કરોડના જામીન પણ આજદિન સુધી કોર્ટમાં ભરી શકેલ નથી.

મીનીસ્ટ્રીઓફ કઝયુમર અફેર્સ, મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ તેમજ સીકયુટીરી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયામાં તેમજ જુદી જુદી સીવીલ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ, જામન